| શેખ=મુસલમાનની એક જાત | જોડાએલાં=સંધાએલાં | ધસીને દોડે છે=હુમલો કરે છે |
| | દાઢ=એવડાં દાંત | |
| બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી | અણીદાર=તીણા | માંજર=કલગી |
| | ગળી જાય છે=ઉતારી દે છે | દીપે છે=શોભે છે |
| પીછાં=પીંછ | | |
| ચીકટ=ચિકાશ | જાળવે=સાચવે | ખોતરવાની=ખોદવાની |
| ભિંજાતું=પલળતું | ઢાંકી=છુપાવી | વહાણું વાય=સવાર થાય |

**સવાલ**—બતક કેવી જગામાં રહે છે? બતકનું શરીર કેમ ભિંજાતું નથી? બતક શું ખાય છે? બતકની ચાંચ કેવી હોય છે? બતકને પાંખ છે ત્યારે કેમ ઉડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલાં આંગળાં હોય અને ક્યાં હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કકડા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાંચમાં ફેર શું? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘો તે શી રીતે ઓળખી શકાય? મરઘા શા માટે પાળતા હશે? મરઘા કોણ પાળે છે? મરઘો ક્યારે ક્યારે બોલે છે તે શું બોલેછે?

**સાર**—મરઘો બોલે છે તે પરથી સવાર ને બપોર સમજાય છે.

**પાઠ ૫૪.**

કાબરી=કાબર ચીતરી
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે
તણખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખોચરે=ખુણામાં
દરેક ફેરે=દરેક વખતે
ભુરા=આસમાની
ટપકાં=છાંટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વીણીવીણીને=શોધી શોધીને
ભો=બીક; ડર

**સવાલ**—ચકલીના શરીરના ભાગ ગણાવો. ચકલીની ચાંચ કેવી હોય છે? ચકલી કેવા કેવા રંગની હોય છે? ચકલીને એક એક પગે કેટલાં આંગળાં હોય અને તે કેવી રીતે હોય છે? ચકલી ક્યાં રહે છે? માળા શેના બનાવે છે? ચકલી વરસમાં કેટલીવાર ઈંડાં મૂકે છે? બચ્ચાંને ક્યાં સુધી ખવડાવે છે? ચકલી શું શું ખાય છે? ચકલી દરેક ફેરે કેટ કેટલાં ઈંડાં મૂકે છે? ઈંડાંનો રંગ કેવો હોય છે? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે? ચકલીને કોની કોની બીક હોય છે? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શું?

**પાઠ ૫૫.**

દેખાવ=શોભા
ગરદન=ઓચી
કેશવાળી=ઘોડાની ગરદન પરના વાળ
નક્કર=સંગીન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુલું
દાણા=અનાજ
મજલ=મુસાફરી; અંતર
પાણીદાર=જોરવાળી; ઝડપથી દોડનાર
અરબી=અરબસ્તાની
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલીક
પ્રીતિ=હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવ=ફલંગ મરાવે
જીન=ચામડાનું પલાણ
સવારી કરે છે=બેસી મુસાફરી કરે છે.

**સવાલ**—ઘોડાની ગરદન પરના વાળને શું કહે છે? કેશવાળી કોને કોને હોય છે? ઘોડો સપાટ જમીનપર સપાટાબંધ દોડી શકવાનું કારણ શું? એના કાન કેવા હોય છે? લગામ ક્યાં ઘાલેછે?

કયા દાંત વડે ખોરાક કાપે અને કયા વડે ચાવે છે? ઘોડો શું શું ખાય છે? નાળ શા માટે જડાવે છે? ઘોડાનો રંગ કેવો હોય છે? ઘોડાની કઈ કઈ જાતો છે? ઘોડામાં કયા કયા ગુણ છે? ઘોડો શા શા ઉપયોગમાં આવે છે? ઘોડો કેટલા વરસ સુધી જીવી શકે છે?

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર
ફેર=તફાવત
ઝૂમખો=જથો
ખોંખારો=હણહણે
ભુંકવું=ગધેડાનું બોલવું
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી; હઠીલું
ઠોઠ=અક્કલ વગરનો
નવાઈ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર
કહ્યાગરૂં=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડી ને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા

**ઘોડો, ખચ્ચર અને ગધેડાનો મુકાબલો**—ત્રણને બે આંખ, બે કાન, ડોકું, મોં, માથું, પીઠ, પુછડું, અને ચાર પગ હોય છે, ત્રણેનું મોં લાંબું હોય છે, ત્રણેના શરીરપર ટુંકા વાળ છે; પગને તળીએ ગોળ દાબડા છે. ઘોડા અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે. ઘોડા ને ખચ્ચરના પુછડીપર મોટા લાંબા વાળ આખે પુછડે હોય છે. ખચ્ચર ને ગધેડાના કાન મોટા હોય છે. ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટા હોય છે.

**પાઠ ૫૭**

ગોકળગાય= પરમેશ્વરની ગાય
વાના=વસ્તુ
ધડ=આચીથી પગ સુધીનો બધો ભાગ
ડોકું=ધડની ઉપરનો ભાગ
તાળવું=મોઢાની અંદરનો ઉપલો ભાગ
ભવાં=ભમર; આંખ ઉપરના કમાનદાર વાળ
પોપચું=આંખનું ઢાંકણું
ખાળે છે=અટકાવે છે
છેડો=નાકું
મૂળ=શરૂઆત
ગળું=આચીની પછવાડેનો ભાગ
વચલે ગાળે=વચ્ચોવચ
કેડ=કંમર
ઢીંચણ=ઘુંટણ

**શરીર વિષે**—શરીરના મુખ્ય બે ભાગ ડોકું ને ધડ છે, ડોકામાં માથું. (માથા ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે તે પર વાળ ઊગે છે) કપાળ, લમણાં, કાન, આંખ, નાક. મોઢું. મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું છે. ગાલ, ગળું, બાચી, દાઢી અને હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢુ, કેડ, વાંસો, બે પગ, જાંઘ, ઢીંચણ, નળા, પાટલી તળીઉં, એડી અને ધુટી છે.

**પાઠ ૫૫.**
આકાર=ઘાટ
ફીકર=ચિંતા
ધબાકો=અવાજો
જ્ઞાન=સમજ

**સવાલ**—ઈંદ્રિયો કોને કહેવી ? ઇંદ્રિયો કેટલી છે ને તે કઇ કઇ? આંખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો. આંખ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય ? જ. રંગ, આકાર અને ચળકાટ. હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય ? જ. ભારે કે હલકું, પોચું કે કઠણ; લીસું કે ખરબચડું; ટાઢુ કે ઉનું; અને આકાર. કાન, નાક, અને જીભ વડે પદાર્થના ગુણ જણાય ? નાક વડે વાસ; કાન વડે અવાજ અથવા રણકો; જીભ વડે સ્વાદ.

**પાઠ ૫૬.**
રંગરેજ=રંગારો
છુટ્ટી=રજા
મૂળરંગ=લાલ પીળો અને વાદળી રંગ
ઝાંખા=તેજ વગરનાં
સેલાં=દોપટ્ટા
સાલ્લા=બાયડીને પહેરવાનું સુતરાઉ લુગડું
ગળીનો રંગ=કાળો રંગ
વત્તા=વધારે
ખુલતા=બહાર પડતા

**સવાલ**—રંગરેજ શું કામ કરે છે ? મૂળ રંગ ગણાવો કીરમજી રંગ બનાવવાની રીત કહો કીરમજી રંગથી કયા કયા લુગડાં રંગાય છે ? કેસરીઓ રંગ શી રીતે બનાવવો ? કેસરીઓ રંગ કહેવાનું કારણ શું ? લીલો, નારંગી, તપખીરી અને કત્થાઇ રંગ શી રીતે બનાવવો ? ધોળા રંગમાં થોડો કાળો રંગ મેળવીએ તો કયો રંગ બને ? ઝાંખો ભુરો રંગ શી રીતે બને ? ખુલતો વાદળી રંગ બનાવો. ગુલાબી શું શું મેળવીને બનાવે છે ? મૂળ રંગ પરથી બીજા રંગો શી રીતે બનાવે છે ?

| | | |
|---|---|---|
| **પાઠ ૬૦.** | છીંટ=તરેહવાળું કપડું | ગરજ સારે છે=કામ કરે છે |
| ઉઘાડો=નાગો; લુગડાં પહેર્યા વગરનો | જંગલી=સમજણ વગરના | ભીંગડાં=જાડાં પડ |
| કાંતીને=સુતર કાઢીને | છાલ=છોડું | જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું |
| વણે છે=બનાવે છે | રંગદાર=રંગવાળા | બાસ્તા=સુતરાઉ કપડું |
| દોશીવાણીઓ=કાપડીઓ | ઢાંકણ=કવર | ખાદી=દોટી |
| | રૂંવાટી=ઝીણા વાળ | |

**સંવાલ**—લુગડાં પહેરવાથી શો ફાયદો? ઊન એટલે શું? ઊનનું કયું કયું કાપડ બને? ઘેટાને ટાઢ કેમ વાતી નથી? ઊન સિવાય બીજા શેનાં લુગડાં બને છે? રૂ કયાં થાય છે? રૂના લુગડાં શી રીતે બને? રૂના કયાં કયાં લુગડાં થાય છે? જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતાં નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે? પશુ પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી?

## કવિતાની સમજુતી.

### કવિતા ૧. પાઠ ૨. સવારના પહોરમાં શું શું બને છે તેની હકીકત.

હે! મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. રાત પુરી થઇ ને સવાર પડી. પૂર્વ દિશામાં સુરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળું થયું; તેથી જાત જાતના રંગો દેખાય છે અને ઝાડનાં પાંદડાં હાલે છે. માટે હે! મારા વહાલા દીકરા તું ઊઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે મરઘા કુકરેકુક કરે છે અને કાગડા કા કા કરે છે; શોભિતાં મેના પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (ટેક) (૨) સુરજના ઉગવાથી ચંદ્રમાંનું અજવાળું ઝાંખું પડયું; અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો; મતલબ કે તારા દેખાતા નથી. તેથી ચોર લોકો ઝંખવાઇ ગયા અને સંતાઇ જવાને માટે ગલીકુંચી શોધે છે (ટેક ૩) ભગત ઇશ્વરનું ધ્યાન ધરે છે. અને ગવૈયાઓ ગાયન ગાય છે; ઉદાર માણુસો ઘણું દાન આપે છે, અને મુલ્લાંજી નિમાજ પઢવાને માટે બુમ પાડે છે, (ટેક ૪) સુરજ ઉગ્યો તેથી

રાતનું અંધારૂં જતું રહ્યું; ભમરા ગું ગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફૂલની પાંખડીઓ ખીલી છે (ટૂક ૫) જેમ જેમ સુરજનું અજવાળું વધારે વધારે પડતું જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ માણસો ધંધે વળગવાને માટે હોંસિલા બને છે. પક્ષીઓ આકાશમાં દોડે છે, અને ઢોરો ચરો શોધે છે (ટૂક ૬) ઝાડ, વેલા, ફળ અને ફૂલ ભૂલ વગર એટલે નિયમસર ખીલે છે. ઘણાં પક્ષીઓ એકઠા થઇને તાજું અનાજ ખાવાને માટે જાય છે. (ટૂક ૭) હે ભાઇ! તું ખુશી થઇને પરમેશ્વરનું નામ દઇને ઊઠ અને મન દઇને પાઠ વાંચ એમ મા પોતાના છોકરાને કહે છે. (ટૂક ૮)

## કવિતા ૨. પાઠ ૫. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે. (૧) જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે; જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભો રહેશે. (૨) સારી સોબતથી સારો થશે, અને નઠારી સોબતથી નઠારો થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય. (૩)

## કવિતા ૩. પાઠ ૧૦. ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

કરોળીઓ જાળ બનાવતાં ભોંય પર પડી જાય છે, ત્યારે ગભરાય છે. અને વગર તૂટેલા (આખા) તાર ઉપર ચઢવાને માટે (ફરીથી) જાય છે તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ તરત નીચે પડયો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમાં ફાવ્યો નહિ. (૨) એવી રીતે (પડતો અને ચઢતો) ફરી ફરીને બે ત્રણ વાર મંડયો રહ્યો તોપણ તેમાં ફાવ્યો નહિ, ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો. હિંમત રાખીને ઉમંગથી તે છઠ્ઠીવાર ચઢવાને મંડયો રહ્યો તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામાં જઇ પહોંચ્યો (૪) જો કરોળીઆએ ફરી ફરીને ફાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઇને વગર મોતે મરી જાત. (૫)

એ પ્રમાણે (કરોળીઆની પેઠે) જો માણસો મનમાં કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મેળવે.

સાર—સારૂં કામ ફરી ફરીને ઉમંગથી કરવું.

**કવિતા ૪. પાઠ ૧૫. હળીમળીને રહેવા વિષે.**

આપણે બંને જણ ભાઈ અને બેન મળી સંપીને (હળીમળીને) રમીએ તો સુખ થાય અને મજા પડે. પણ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીરી થાય. આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂં બોલે. (૧) હે ! જોરાવર બાપ પરમેશ્વર તું અમને હંમેશાં સંપ આપ, (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને અમારા દહાડા સુખમાં જાય અને કોઇ દિવસ જરાપણ કંકાસ થાય નહિ. (૨) છોકરા હળીમળીને રમે જમે અને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થાય. (૩) સાર—ભાઇબેન સાથે સંપસંપીને ચાલવું.

**કવિતા ૫. પાઠ ૧૭. વગર વિચાર્યું ન કરવા બાબત.**

જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે તે પાછળથી દીલગીર થાય છે; જુઓ એવા (વગર વિચારનાં) કામ કરવાથી ઘણાના જીવ જાય છે. (મરી જાય છે) (૧) સાર—ઉતાવળથી વગર વિચારે કામ કરવું નહિ.

**કવિતા ૬. પાઠ ૨૫. કુહાડી.**

નાનો છોકરો બાપની કુહાડી લઇ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કંઈ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવપર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાએ જરા પાણી હલાવ્યું, તેથી છોકરાએ પાણી અંદર કંઇક જોયું એટલે છોકરો મનમાં બીધો, તેથી કુહાડી પાણીમાં પડી ગઈ તે વખતે તે

બહુ ધાંટા પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં આમ તેમ ડોલ્યાં કરતાં અને સમાઇ જતાં એવાં દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાંભળીને ( પાણી ઉપર ) આવ્યાં. દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે. પણ છોકરો કહે છે કે હે ! માતા, મારી કુહાડી એવી નથી. (૩) બીજી વખત સોનાની કુહાડી લાવીને બતાવી ત્યારે માથું ધુણાવીને (ના કહીને) છોકરો કહે છે કે એ પણ મારી નથી, મને તો મારી કુહાડી ઘણી ગમે છે. માટે હે ! દયાળુ માજી તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ કુહાડી કાઢી આપી અને છોકરા સાથે બોલ્યાં (છોકરાને કહ્યું) કે તને સુખ અને દોલત મળજો. અને પરમેશ્વરની મહેરબાની થજો.

## કવિતા ૭. પાઠ ૩૩. પરમેશ્વરની મોટાઇ.

જગતના બનાવનાર (પરમેશ્વરે) આ દુનિયામાં ઘણીજ સારી બનાવટ કરી છે. તેણે આ દુનિયામાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યાં. (૧) તરેહવાર રંગના ખીલતાં ફૂલો, ગાયન ગાતાં પક્ષીઓ અને સારા રંગવડે શોભતાં ઝાડનાં પાંદડાં તથા પક્ષીની પાંખો તેણે બનાવ્યા છે. (૨) વળી પરમેશ્વરે મોટા મોટા પહાડો, ભેખડો, દરીઆ, નદી, ઓવારા અથવા પહાડમાંથી જવા આવવાના રસ્તા, શહેર અને જંગલના રસ્તા વગેરેની આવી શોભિતી બનાવટ બનાવી છે. (૩) શિઆળામાં ઠંડો પવન સારી ઠંડક આપે છે. અને ઉનાળામાં સુરજનો તાપ નક્કી ઘણો પડે છે. (૪) ચોમાસાની ઋતુમાં વરસાદ વરસે છે, ઝાડોપર ફળો લટકતાં દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સંભળાય છે. (૫) અજવાળીઆમાં ચંદ્રનું અજવાળું આનંદ આપે છે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો

રંગ શોભિતો દેખાય છે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાનો બનાવ્યાં છે, વળી પાણીમાંના વેલા અને તેનાં પાંદડાં કેવાં તરે છે! (૭) હે પરમેશ્વર, તેં જોવાને માટે આંખ આપી છે, સાંભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારું કર્યું છે. (૮) વળી દાંત આપ્યા તેની સાથે ખાવાનો ખોરાક આપીને આપણા પર બહુ ઉપકાર કર્યો છે; હે! પેદા કરનાર (પરમેશ્વર) તેં જે જુક્તિ કરી છે તે સમજી શકાય તેમ નથી. (૯) સાર—પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામાં બધી વસ્તુઓ બનાવી છે, તેનો પાડ વાળવા માટે દરરોજ તેની ભક્તિ કરવી.

## કવિતા ૮. પાઠ ૩૫. પાનખર ઋતુ (વસંત ઋતુ)માં શું શું બને છે, તેની હકીકત.

મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તંબુ ઉભો કર્યો હોયની! એવું દેખાય છે. તંબુપર જેમ ધજા વાવટા ફરકતા હોય તેમ કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ તે ધજા વાવટા જેવા જણાય છે. (૧) ઝાડનાં પીળાં અને પાકાં પાંદડાં હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવાં પાંદડાં આવે છે, તેથી ઝાડ શોભિતાં દેખાય છે. (૨) વસંત ઋતુનાં જુનાં પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે, કોયલ મધુર શબ્દ બોલે છે, તીતર, કબુતર અને બીજાં ઘણાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) લોકો કેસુડાનાં ફૂલનો (કેસુડો) રંગ ઘોળીને હોળી રમે છે, એટલે રંગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમાં ફુઆરા ઉડાડે છે અને બજારો તથા ચોકમાં પાણી છાંટે છે. મતલબ કે પાણીનો

છંટકાવ કરે છે. (૪) ભમરા ગું ગું અવાજ કરે છે. અને ઝાડો પર તરેહવાર ઘણા રંગો દેખાય છે; આંબા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાંદની શોભી રહે છે. (૫) માણસો લહેજતથી (ખુશીથી) શિખંડ ખાય છે અને ઠંડું પાણી પીએ છે. પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે. પશ્ચિમ અને દક્ષિણમાં દરીઆ હોવાથી પવન ઠંડો આવે છે.

**કવિતા ૯. પાઠ ૪૭. ખેડુત વિષે.**


અરે! ખેતી કરનાર, તું ખરેખર જગતનો બાપ ગણાયો છે. કારણ કે તું ખેતી કરે છે તેથી બધા પ્રાણીને ખોરાક મળે છે. આ આખી દુનિયાનું પોષણ કરનાર પણ તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફૂલ, ઘાસ અને અનાજ પકવે છે; તોજ બધાં પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખુશીથી કપડાં પહેરે છે. (૨) તું વરસાદ ને તડકો વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે. તેથી તું શરીરે જબરો બને છે અને હંમેશાં સંતોષથી ફરે છે એટલે સંતોષી રહે છે (૩) ખેતી નકરી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે. તું કાળજીથી ખેતી કરે છે. અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે મારી પેઠે મહેનત કરશો તો જબરા સંતોષી અને પારકાનું ભલું કરનારા થશો (૪) કહેવત છે કે "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નકફટ નોકરી, નિદાન ભીખ, એટલું ન આવડે તો દલાલી શીખ"

**કવિતા ૧૦. પાઠ ૫૨. મધમાખી.**

હે! મધમાખી તું મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનું કારણ એ કે મધપુડાના

ખાના જેવી કારીગરી માણસથી પણ બરાબર થઇ શકે નહિ) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે. અને તરતજ તેનાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂસી લઇને તું મીણ બનાવે છે, તેથી (મધ અને મીણથી) ઘણા કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે પણ (મોટું) ઉપયોગી કામ કરતું જણાય છે વળી તું ડાહી ને ચોકખી દેખાય છે. તેથી તારૂં જોઇને બધા ડાહ્યા માણસો આળસ છોડી દે છે. (૩) કીડી, કરોળીઆ અને મંકોડા વગેરે જે મહેનતુ જીવડાં કહેવાય છે. તેમાં પણ તુંજ વખણાય છે. મતલબ કે એ બધાં જીવડાં કરતાં તું વધારે મહેનત કરે છે. સાર—માણસે ઉદ્યોગી અને હુન્નરી થવું.

**નકશાની દિશાની સમજ**



દિશા:—(સ. ૧) દિશા કેટલી છે? ઉ. ચાર. (સ. ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (સ ૩) દિશા શા ઉપરથી જાણી શકશો? ઉ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો. ઉ. જે દિશામાં સુરજ ઊગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ; સુરજ સામું મોં કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર અને જમણા હાથ તરફની દક્ષિણ. (સ ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પરખશો? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં ઊગે માટે એ તારા તરફની ઉત્તર. તેની સામની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે? ઉ. હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઈ દિશા જાણી શકાય? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશાં ઉત્તર દિશાપર રહે છે) (સ ૯) દિશા જાણવાથી શું ફાયદો? ઉ. ફલાણી જગાથી ફલાણી જગો કઈ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર; પગ તરફની દક્ષિણ; જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. સૂચના–ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.

ખુણા—(પ્ર. ૧) ખુણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર. ૨) ખુણાનાં નામ બોલો. ઉ. અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઇશાન (પ્ર. ૩) ખુણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋર્ત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય, અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન.

## રાજકીય ભૂગોળ.

**મહેસુલી ખાતું**—(પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે છે? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. પ્ર. ૨) ગામની મહેસુલ ઉઘરાવનાર કોણ હોય છે? ઉ. તલાટી. (પ્ર. ૩) તલાટીને મદદ કરનાર કોણ હોય છે? ઉ. મુખી (પ્ર. ૪) તલાટી ને મુખીના ઉપરીને શું કહે છે? ઉ. મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજિસ્ટ્રેટ કયારે કહેવાય? ઉ. ઇન્સાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે? ઉ. આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટર. (પ્ર. ૭) આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે? ઉ. કલેકટર. (પ્ર ૮) કલેકટર શું કામ કરે છે? ઉ. મહેસુલી, પોલીસ, મ્યુનિસિપલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. (પ્ર. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે ત્યારે એ કયા અધિકારી કહેવાય? ઉ. ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ. (પ્ર. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ કયારે કહે છે? ઉ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજપર દેખરેખ રાખવાનું કામ કરે છે ત્યારે.

**પોલિસ ખાતું**—(પ્ર. ૧) પોલીસખાતું શું કામ કરે છે? ઉ. લોકોના જાનમાલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ છે? ઉ પોલીસ પટેલ, મુખી (પ્ર. ૩) તાલુકાના પોલીસના ઉપરીને શું કહે છે? ઉ. ફોજદાર. (પ્ર. ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે? ઉ. ડિસ્ટ્રીકટ પોલીસ ઇન્સ્પેકટર. (પ્ર. ૫) ફોજદાર અને ડિસ્ટ્રીકટ પોલીસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે? ઉ. પોલિસ સુપ્રન્ટેન્ડન્ટ.

**દિવાની ખાતું**—(પ્ર. ૧) દિવાની ખાતું શું કામ કરે છે? ઉ. લેણદેણનો ઇન્સાફ કરે છે. (પ્ર. ૨) શહેરના રૂ. ૫૦૦)ની

લેણદેણનો ઇન્સાફ કરનારી કઇ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે? ઉ. સ્મોલકોઝ કોર્ટ, અને તેના ઉપરીને સ્મોલકોઝ જજ કહે છે? (પ્ર. ૩) તાલુકામાં લેણદેણ ઇન્સાફ કરવાને કઈ કોર્ટ છે? અને તેના ઉપરીને શું કહે છે? ઉ. સેકન્ડ કલાસ સબજજ કોર્ટ અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટો કઈ છે? ઉ. ફર્સ્ટકલાસ અને સેકન્ડકલાસ (પ્ર. ૫) જિલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે? ઉ. ડિસ્ટ્રિક્ટ જજ. તેઓ લેણદેણ સંબંધી ભારે દાવા ચુકવે છે. (પ્ર. ૬) ડિસ્ટ્રિક્ટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે? ઉ સ્મોલકોઝ જડજ અને સબજજ.

વૈદક ખાતું—(પ્ર ૧) વૈદક ખાતું શું કામ કરે છે? ઉ. માંદા માણસની માવજત કરે છે તથા તેમને દવા આપે છે. (પ્ર. ૨) મોટા તાલુઓમાં વૈદક અધિકારી કોણ હોય છે? ઉ હૉસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હૉસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) (પ્ર. ૪) હૉસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ ક્યાં રહે છે? ઉ. સિવિલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામ ખાતું શું શું કામ કરે છે? ઉ સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે. (પ્ર ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે? ઉ. ઓવરસીઅર. (પ્ર. ૩) ઓવરસીઅરના ઉપરીને શું કહે છે? ઉ. એક્ઝિક્યુટિવ ઇજનેર.

**કેળવણી ખાતું**—(પ્ર. ૧) આસિસ્ટંટ મોસ્તરના ઉપરીને શું કહે છે? ઉ. મહેતાજી (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામાં કોણ છે? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ? ઉ. આસિ. ડે. એ. ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો.

**મ્યુનિસિપલ ખાતું**—(પ્ર ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે? ઉ. રસ્તા સાફ રાખવાનું, દીવાબત્તી સળગાવવાનું, સડકો પર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું, શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (પ્ર. ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે? ઉ. જકાત, જાજરૂવેરો, ઘરવેરો, નળવેરો. વગેરેથી (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય? ઉ. પાંચ હજાર કરતાં વધારે માણસની વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કોણ ચલાવે છે? સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદો. (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે? ઉ. કમિશનર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? ઉ. પ્રેસિડન્ટ અને તેને મદદ કરવાને કમિશનર અથવા ચીફ ઓફિસર સેક્રેટરી, ઇન્સ્પેકટરો ને કારકુનો વગેરે.

**લોકલબોર્ડ ખાતું**—(પ્ર. ૧) લોકલબોર્ડ ખાતું શું શું કામ કરે છે? ઉ. કુવા, તળાવ, રસ્તા, વગેરે બાંધવાનું. તથા સમરાવવાનું અને કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે તે

પર દર રૂપીએ એક આનો લોકલફંડનો વધારો લે છે તેમાંથી ચાલે છે. (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલફંડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે? ઉ. લોકલફંડ કલાર્ક.

**પોસ્ટ ખાતું**—(પ્ર ૧) પોસ્ટખાતું શું કામ કરે છે? ઉ. કાગળો મંગીઓ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઈ જવા લાવવાનું તથા પૈસા સાચવીને તેનું વ્યાજ આપવાનું કામ કરે છે, (પ્ર. ૨) પોસ્ટ ઓફિસના ઉપરીને શું કહે છે? ઉ પોસ્ટ માસ્તર (પ્ર. ૩) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે? ઉ. ડેપ્યુટી પોસ્ટ માસ્તર, કારકુન, સિપાઇ, ટપાલી.

**પરચુરણ**—ઉપર સિવાય તારખાતું, જંગલખાતું સરવૈખાતું, એગ્રિકલચરખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

**સ્થાનિક પેદાસ**—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં મુખ્ય પાક થતો હોય તે.

**પરદેશ જતી ચીજો**—જે વસ્તુની નીપજ ઘણી થાય તે વસ્તુ પરદેશ જતી ચીજોમાં ગણવી.

**પરદેશથી આવતી ચીજો**—ગામ, શહેર કે જિલ્લા પ્રમાણે ખાંડ કામ, કાચ, કાપડ, ઇમારતી લાકડાં વગેરે આવતી ચીજો ગણવી.

### વ્યાખ્યા.

**શેરી**—સામાસામી ઘરોની હાર હોય તે,
**મહોલ્લો**—ઘણી શેરી મળીને થએલો ભાગ:
**પરું**—શહેરનો પાછળથી વધેલો ભાગ,

**ગામ**—નાનાં નાનાં ઘણાં ઘરની વસ્તી હોય તે.

**કસ્બો**—તાલુકાનું સૌથી મોટું ગામ. જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

**શહેર**—સારાં મોટાં બજારો, છાબંધ અને હારબંધ ઘણાં ઘરો હોય તે.

**તાલુકો**—ઘણાં ગામો મળીને થએલો ભાગ, જે મામલતદારના તાબામાં હોય છે.

**જિલ્લો**—કલેક્ટરના તાબાનો મુલક કે જેમાં ઘણાં તાલુકા આવેલાં હોય છે તે

**બંદર**—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ વહાણ મારફતે આવ જા થતો હોય તે.

**એજન્સિ**—દેશી રાજાનો મુલક કે જે પોલિટિકલ એજંટના તાબામાં હોય છે તે.

**પોલિટિકલ એજંટ**—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી.

**તળાવ**—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી તે.

**બેટ**—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

**પહાડ**—જે ઘણાં ઉંચા તથા લાંબા પહોળા ટેકરા મળી થએલો હોય તે

**નદી**—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળીને નિચાણ જગાપર થઈ મોટી નદી અથવા દરીઆને મળે છે તે

**સમુદ્ર**—ખારા પાણીનો ભાગ. આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનું ઠેકાણું.

**મીઠ બંદર**—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

**(હવાખાવાનું ઠેકાણું)**—જે જગાપર સારી ને ખુલ્લી હવા હોય તે.

અથવા ડુંગરાવાળી જગ્યા કે જ્યાં ચોકખી ને ઠંડી હવા આવે છે.

**તીર્થસ્થળ**–(જાત્રાનાં ઠેકાણાં) કે જેનું મહાત્મ્ય ઘણે દૂર સુધી જણાતું હોય અને પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે જગ્યા.

**ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.**

## ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવવા બારે ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા.

**હેતુ**—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાને

**રમત ૧૧)** (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણા હાથની મુઠી મોં તરફથી લઈ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

**રમત ૧૨)** (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

**રમત ૧૩)** (૧) જમણો હાથ ઉંચો. (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

**રમત ૧૪)** (૧) ડાબો હાથ ઉંચો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઈ ફેરવીને ઉંચો રાખવો.

**રમત ૧૫)** બેઉ હાથ ઉંચા રાખવા. (૧) જમણા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉંચો રાખવો. (૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

**રમત ૧૬)** બેઉ હાથ ઉંચા રાખવા (૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા પાછળથી લઈ ફેરવીને ઉંચો રાખવો.

**રમત ૧૭)** બેઉ હાથ ઉંચા. (૧) જમણો હાથ માથા ઉપરથી

મોં તરફ લઈ ફેરવીને ઉંચો રાખવો. (૨) ડાબો હાથ માથા ઉપરથી મોં તરફથી લઈ ફેરવીને ઉંચો રાખવો.

**રમત ૧૮)** ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ,
૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ

**રમત ૧૯)** ૧) બેઉ હાથ સામા લાંબા મુઠીઓ જમીન તરફ,
૨) હાથ પાછળ લાંબા મુઠીઓ જમીન તરફ.

**રમત ૨૦)** બે પગ વચ્ચે એક ફુટનું અંતર રાખવું. ૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ પગનાં આંગળાં આગળ

## પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

| | | | | |
|---|---|---|---|---|
| પરમેશ્વર | વટેમાર્ગુ | ભક્તિ | ધર્મશાળા | પૃથ્વી |
| બતાવ્યું | બાંધ્યું | ચન્દ્રમા | સરજ્યાં | ચંદ્ર |
| ધ્યાન | રહ્યા | પ્રભુ | પર્વ | શ્રાવણ |
| વસ્ત્ર | ત્રીસ | ચૈત્ર | કાઢ્યો | દ્રાક્ષ |
| રસ્તો | મળ્યો | ચાલ્યાં | પિત્તળ | લક્કડ |
| કાઢી | કહ્યું | પૂછ્યું | ત્રણે | મહીના |
| ઝાલ્યો | વિદ્યા | મસ્તી | પુત્ર | શીખ્યો |
| વિચાર્યું | ચઢવું | પહોંચાડ્યો | માર્યો | જક્કી |
| બન્યું | પ્રાણી | અજાણ્યું | સમજાવ્યું | ઉંઘ્યા |
| [illegible] | પહોંચ્યું | માંડ્યું | આપ્યું | [illegible] |
| [illegible] | ઊઠ્યા | ફર્યો | પહેર્યો | [illegible] |

| | | | | |
|---|---|---|---|---|
| મુઠ્ઠી | યત્ન | ચકભિલ્લુ | ચક્કર | કચ્છ |
| પ્રમાણે | કર્યા | કિલ્લો | ઉડાડયો | દઇ |
| મિત્ર | બોલ્યો | જામ્યો | પાળ્યું | અર્ધું |
| ધાન્ય | ભાંગ્યું | દોડયો | દાબ્યો | કલેશ |
| કક્ષા | ભાંગ્યો | રામચંદ્રજી | શ્રીરામ | કૌશલ્યા |
| પ્રધાન | જંત્ર | દર્પણ | નિંદે | ઇચ્છા |
| ધર્યા | માર્યા | ગણકાર્યું | સર્વ | વળ્યું |
| મંગાવ્યા | ગુસ્સો | વિદ્યાર્થીઓ | મૂર્ખ | ભક્ત |
| ઇશ્વર | નાખ્યું | માર્યો | પસ્તાઇ | ગાર્ડ |
| કેળવ્યો | સ્ટેશન | સોંપ્યો | પાળ્યો | નવાડયો |
| ત્રીજાએ | જણાવ્યું | બ્રાહ્મણ | ફેંકયું | સાંભળ્યો |
| ચોકખું | જડયું | ગુમાવ્યું | ઉંચકયો | ખુલ્લું |
| બગાડયું | ડર્યો | નિહાળ્યું | હલાવ્યું | ભૂખ્યા |
| રડયુંખડયું | આપકર્મી | બાપકર્મી | પ્રાર્થના | તીર્થ |
| દુશ્મન | પરણાવ્યો | છોડયું | મધ્યમાં | લશ્કર |
| ફેંકયો | ભેટયો | ચર્યો | ફુલાવ્યું | હંમેશાં |
| ભૂલ્યો | ધ્રૂજતો | ધ્રૂજે | પહેર્યો | સ્ત્રી |
| જડયો | પુષ્કળ | સરજાવ્યાં | સૂર્ય | પલ્લવ |
| સ્હાય | વનસ્પતિ | પશ્ચિમ | ઉત્તર | માસ્તર |
| સ્લેટ | વિજયા | ભૂસી | વચ્ચે | શીખ્યો |

| | | | | |
|---|---|---|---|---|
| મુકાવ્યું | કયારડા | વર્ગ | વળ્યા | લઇશુ |
| ઇશ્વરલાલ | બતાવ્યું | બંદોબસ્ત | ડાકટર | ખેડયું |
| લક્ષ્મણ | નિર્દય | હિંદો | સિક્કા | અત્તર |
| ઊગ્યું | ગુચ્છો | ટટ્ટુ | ઉત્તમ | અજા |
| કુક્કર | તત્કળ | ઉદ્યોગ | વસ્તુ | પ્રીતિ |
| ટક્કી | નક્કર | રવાદ | છુટ્ટી | વત્તા |
| બાસ્તો | કરાવ્યા | ગવૈયા | તિથિ | પખવાડીઆં |
| સરૈયા | નિશાન | અટકાવ્યાં | ઓસડવેસડ | શિકારી |
| અભાગીઉં | વિશ્વાથ | ગોખતો | રિસાળ | ઢોંગ |
| ભાગ્યે | પાટલુન | અનંત | નિરાધાર | ભૂલથાપ |
| ટપોટપ | પેંતરા | નિરાધર | ગેદીદડા | કુટુંબ |
| સોહામણી | અંગેઠી | ઢીંગલી | સહીઅરો | સંતાપ |
| વિવાહ | નિંદે | ખેંચતાણ | બળવંતા | ઝોડઝપટ |
| માદળીઉં | ધંતરમંતર | ભાંગીતૂટી | કચરોપુંજો | હુંફાળા |
| સરનામું | સિસોટી | મિનિટ | સંદેશો | ઢીમણું |
| દોરડું | હિંચોળે | ફરજંદ | નીમણુક | ચીતરામણ |
| હોશિયાર | ઢેકા | કિનારે | દાનત | ગોરસટોળ |
| ચટાપટા | શિખામણ | સંપત | ખૂબસુરત | બદદાસ |
| દુઃખ | ખડખડાટ | દુબળા | સંકટ | પારધી |
| શીંગડાં | જરદી | ધગધગતી | સિંહ | પિઅર |
| ચંકણુ | ઓચિંતી | રાજપાટ | પ્રમાણે | તડંબડુમ |
| ચઢાઉ | ઉપરાંત | સાહુકાર | તળાવડી | શેલો |
| ખંતીલા | અંગુઠીઆ | કુંકકું | જગપતિ | મહિમા |

| | | | | |
|---|---|---|---|---|
| દિશા | કસરતશાળા | આથમણી | દક્ષિણ | વિશેષ |
| ખુરસી | નિચાણ | અધિકારી | હુંડી | સેકન્ડ |
| જંતુ | વિષે | કોથળો | કથરોટ | ચંબુ |
| તાંબાકુંડી | ટંકશાળ | તાંબુ | ચળકાટ | મજાગરાં |
| શિરોઈ | થાળી | લોટા | ખુજલી | ઝુપડા |
| ઝીંઝવો | ધ્રુપેલ | સુંવાળા | તમાકુ | સુગંધ |
| પાંદડાં | સળંગ | સેંકડો | રાનડીયાં | મહીકાંઠા |
| ઢેબરાં | હળપુણી | ધુસરી | સંતોષ | કેવત |
| કોઢ | ભોંય | અથાણું | ચટણી | ફૂલ |
| પાંકટ | વેંત | તાવડા | શિઆળવાં | હિસાબ |
| સફેદ | ધ્રુવિ | રક્ષણ | મધપુડો | ઇંડા |
| આળસુ | જીવડાં | ચીકટ | ભિખારી | ભિંજાતું |
| દાઢ | આંગળાં | નિશાળ | ખુણેખોચરે | નુકસાન |
| દાબડો | નીમકહલાલ | સુંવાળા | ભુસું | શરત |
| નાળબંધ | અડીઅલ | ગધેડું | ભૂકે | પુછડી |
| સુરજ | સાંઠા | સંબંધી | ઠેકડા | ઉદેસીંગ |